# મોડાસા એઆરટીઓ કચેરીમાં ૬૨ જેટલા ગેરકાયદેસર એજન્ટોનો રાફડો છતાં અધિકારીઓ ચૂપ

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેર નજીક આવેલી



એ.આર.ટી.ઓ. કચેરીમાં અધિકારીઓની રહેમનજર હેઠળ ૬૨થી વધુ ગેરકાયદેસર એજન્ટોનો રાફડો ફાટી નિકળ્યો છે. આ એજન્ટો બિન્દાસ રેકર્ડ રૂમમાં ઘુસીને રેકોર્ડ ઉથલાવતા હોવા છતાં કોઈ જ પગલાં ભરવામાં ન આવતાં આ બાબતે કમિશનર કચેરી તપાસ હાથ ધરે તેવી જનતાની માંગ છે.

મોડાસાના ગાજણ નજીક એઆરટીઓ કચેરી આવેલી છે. આ કચેરીમાં આજુબાજુના તાલુકાની પ્રજા ડ્રાઈવીંગ લાયસન્સ, એનઓસી, ફીટનેસ સહિત વિવિધ કામગીરી માટે આવતી હોય છે. આ કામગીરી જરૂરી સરકારી ફી લઈ અધિકારીઓ દ્વારા જ કરવામાં આવતી હોય છે. પણ મોડાસા કચેરીમાં ૬૨ જેટલા એજન્ટો પૈકી કોઈને ન મળો તો કામ થતુ જ નથી. આખો દિવસ ધક્કો ખાઈને પરત જવું પડે છે. જલદી કામ કરાવવું હોય તો એજન્ટોને રૂપિયા ધરવા પડે છે. તો તરત જ કામ થાય છે. આ કચેરીમાં બિન્દાસ ફરતા એજન્ટોની અહી ફરજ બજાવતા એઆરટીઓ. ગુર્જર તથા મોદી સુધી શું પહોંચ છે ? એજન્ટો દ્વારા અધિકારીઓને સાચવવામાં આવે છે, એજન્ટો દ્વારા લેવાતા રૂપિયા અધિકારીઓ સુધી પહોંચે છે કે કેમ, આ બાબતની

**એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ટ્રેપ ગોઠવવામાં આવે તો ગેરકાયદેસર કૃત્યો પકડાય તેમ છે**

વાહનવ્યવહાર કમિશનર કચેરી દ્વારા તપાસ કરવામાં આવે તો મોટુ કૌભાંડ બહાર આવે તેમ છે. નવાઈની વાત તો એ છે કે આ એજન્ટો બિન્દાસ રીતે સરકારી રેકર્ડ રૂમમાં ચોપડી ઉથલાવતા, પાસિંગ સહિતના વિવિધ ફોર્મ લઈને બિન્દાસ ફરતા જોવા મળે છે. છતાં અહી ફરજ બજાવતા ગુર્જર તથા મોદી સહિતના અધિકારીઓને કેમ દેખાતુ નથી, આમ જનતાના રૂપિયાનુ પાણી થઈ રહ્યું છે. ત્યારે એસીબી પણ આ કચેરી ઉપર નજર નાખે તેવી જનતાની માંગ છે.

# ધાનેરામાં વ્યાજખોરોના ત્રાસથી કંટાળેલો યુવક પહોંચ્યો સ્થાનિક પોલીસની શરણે

ધાનેરા, તા. ૧૯

બનાસકાંઠા જિલ્લા સહીત સમગ્ર ગુજરાત વ્યાજખોરોનો ત્રાસ વધવા પામ્યો છે. ત્યારે કેટલીક જગ્યાએ તો વ્યાજખોરોના ત્રાસથી કંટાળી લોકોએ પોતાનો જીવ પણ આપી દીધો છે. તો કેટલીક જગ્યા પર વ્યાજખોરોના ત્રાસથી લોકો આત્મહત્યાની કોશિશ પણ કરી રહ્યા છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ખાતે પણ એક યુવક વ્યાજખોરોથી ત્રાસથી ધાનેરા પોલીસના શરણે પહોચ્યો છે. જો પોલીસ આ યુવકને ન્યાય ન અપાવે તો યુવકે આત્મહત્યા કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

જાની સતીષકુમાર જે ધાનેરા ખાતે એક હોટલ ચલાવી પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. પરંતુ તેને કોઈ અંગત કારણોસર પૈસાની જરૂર પડી હતી અને તેને ધાનેરાના કેટલાક લોકો પાસેથી વ્યાજે પૈસા લીધા હતા અને પૈસાનું ૩૦ થી ૪૦ ટકા વ્યાજ ગણવામાં આવ્યું હતું અને થોડો સમયમાં આ પૈસા અનેક ઘણા થઈ ગયા તેની આ યુવકે પૈસાની પુરી ભરપાઈ ન કરી શકતા તે લોકો દ્વારા વારંવાર આ યુવકને ઉપાડી જવાની અને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં

**પોલીસ મદદ ન કરે તો આત્મહત્યાની ચીમકી ઉચ્ચારી**

આવતી હતી અને હોટલ પર જઈ મારઝુડ પણ કરવામાં આવતી હતી. જેથી આ યુવક વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ધાનેરા પોલીસના શરણે પહોંચ્યો હતો.

અત્યારે તો ધાનેરા પોલીસે કેટલાક વ્યાજખોરો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પરંતુ ભોગ બનનાર યુવક જણાવી રહ્યો છે કે જો પોલીસ દ્વારા કોઈજ પગલા નહિ ભરવામાં આવે અને મને આ વ્યાજખોરો આમ જ હેરાન કરશે તો હું આત્મહત્યા કરીશ.

# પ્રાંતિજમાં અધિકારીઓની ચૂંટણીલક્ષી બેઠક યોજાઈ



પ્રાંતિજ, તા. ૧૯

પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે આગામી ૨૯મી નવેમ્બરના રોજ યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈ અધિકારીઓની મહત્વની બેઠક યોજાઈ હતી. જિલ્લા પંચાયતની ચાર બેઠકના પ્રાંત અધિકારી અને ચૂંટણી અધિકારી એ.આર. ચૌધરી, તાલુકા પંચાયતની દસ સીટો માટેના ચૂંટણી અધિકારી મામલતદાર એ.એ. ડોડિયા અને તાલુકા વિકાસ અધિકારી એ.જે. પટેલ હાજર રહ્યા હતા અને ચૂંટણી અંગેની ચર્ચાઓ કરવામાં આવી હતી. ઉપરાંત બુથ અધિકારીઓને ચૂંટણીની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

# ખેડબ્રહ્મા શહેરમાં બાળ મજૂરી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપતા વેપારી-કોન્ટ્રાક્ટરો સામે રોષ



ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્મા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં કેટલાક વેપારીઓ કારખાનેદારો અને કોન્ટ્રાક્ટરો બાળ મજૂરી પ્રતિબંધ કાયદાના લીરે લીરા ઉડાડી રહ્યા છે અને કુમળી વયના બાળકો પાસે બાર-બાર કલાક સુધી કામ કરાવી નજીવુ વેતન આપી શોષણ કરી રહ્યા છે. આથી સ્થાનિકોમાં આ બાળ મજૂરી પ્રવૃત્તિને લઈ રોષ જોવા મળ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકા અને શહેરમાં મોટા પ્રમાણમાં દુકાનો, લારીઓ, કન્સ્ટ્રક્શન લાઈન, ટ્રાન્સપોર્ટેશનના

**બાળ મજૂરી પ્રતિબંધ કાયદાના લીરે લીરા ઉડી રહ્યા છે તેમ છતાં સ્થાનિક અધિકારીઓ આંખ આડા કાન કરી સબસલામત હોવાના દાવા ઠોકી રહ્યા છે**

ધંધામાં કામકાજ માટે પરપ્રાંતિય બાળકોને ધકેલવામાં આવે છે. તાલુકામાં બાળ મજુરીનો ગ્રોથ દિવસે ને દિવસે વધતો જાય છે. ગરીબી રેખા હેઠળ જીવતા પર પ્રાંતિય બાળકોને અહી લાવી તેમની પાસે બાર-બાર કલાક કાળી મજૂરી કરાવવામાં આવી રહી છે અને તેમનું ખુલ્લેઆમ શોષણ કરવામાં આવી રહ્યું છે. શાળાએ જવાની ઉંમરે મજૂરીમાં ધકેલાતા બાળ મજૂરો સ્થાનિક વહીવટીતંત્રને નજરે પણ પડતા નથી. બસ સલામતના દાવા કરી રહેલા તંત્રના અધિકારીઓ આ સમગ્ર મામલે આંખ આડા કાન કરી રહ્યા છે. ત્યારે સત્વરે આવા ભ્રષ્ટ અધિકારીઓની તપાસ કરવામાં આવે તેવી લાગણી સ્થાનિક પ્રજામાં ઉઠવા પામી છે.

# મહેસાણાના ફતેપુરા બાયપાસ પર લકઝરી બસ ટ્રેઈલર પાછળ ઘુસી જતા ગમખ્વાર અકસ્માત

## ૪ મુસાફરોના મોત : ૨૩ મુસાફરોને ગંભીર ઈજાઓ

મહેસાણા, તા. ૧૯

મહેસાણા નજીક ફતેહપુરા બાયપાસ પર ખાનગી લકઝરી બસ અને ટ્રક ટ્રેઈલર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા ચાર વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે ૨૩ વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ થઈ હતી. જેમાં ત્રણ ઈજાગ્રસ્તોની હાલત ગંભીર જણાતા સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજસ્થાનથી લકઝરી બસ નં. આર.જે.૧૯.પી.એ.૪૦૦૭ મહારાષ્ટ્રના પુનાથઈ રાજસ્થાન જઈ રહી હતી ત્યારે આજે વહેલી સવારના પાંચ વાગેના સુમારે મહેસાણા બાયપાસ હાઈ-વે

**● મૃતકના નામ**

- કચરૂ સારહુ શીંદે (ઉં.વ.૪૦, શિવલે મહારાષ્ટ્ર)
- શોભા સતપાલ બિશ્નોઈ (ઉં.વ.૨૯, રહે. મેઘપુર)
- લક્ષ્મણભાઈ ભંવરલાલજી પ્રજાપતિ (ઉં.વ.૨૪, સીતવાડા રાજસ્થાન)
- ગોકુલરામ રબારી (ઉં.વ.૩૮, રાજસ્થાન)

ફતેહપુરા ગામ નજીક લકઝરી બસના ચાલકે પુરપાટઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારીને ટ્રક ટ્રેઈલર નં. આર.જે.૩૨. જેબી.૦૩૨૦ સાથે જોરદાર રીતે અથડાતા ચાર મુસાફરોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે બસના અન્ય ૨૩ મુસાફરોને નાની-મોટી ઈજાઓ થઈ હતી. આ અકસ્માતમાં ત્રણ ઈજાગ્રસ્તોની હાલત ગંભીર જણાતા તેઓને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માતમાં બસ ટ્રેઈલરમાં ઘુસી જતા તેને છુટી પાડવા માટે ક્રેઈન બોલાવવી પડી હતી. આ બનાવ અંગે મહેસાણા તાલુકા પોલીસે લકઝરી બસના ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

# દાંતીવાડા તાલુકામાં મેડીકલ કચરો ખુલ્લામાં નાંખતા નાગરિકોમાં રોષ





પાલનપુર, તા. ૧૯

દાંતીવાડા તાલુકામાં કેટલાય લેભાગુ ડૉક્ટરો બની બેઠા છે તેમજ લોકોના આરોગ્ય સાથે તો ચેડા કરી રહ્યા છે પરંતુ હવે તો તેઓ રખડતા પશુઓના આરોગ્ય સાથે પણ ચેડા કરતા નજરે પડી રહ્યા છે. પરંતુ તંત્ર જાણે મૌન બની બેઠુ હોય તેમ આમના વિરૂદ્ધમાં કોઈ પગલા લેવામાં આવતા નથી. છેલ્લા કેટલાય સમયથી દાંતીવાડા તાલુકામાં આવેલ કોલોનીથી દાંતીવાડા ડેમ પર જવાના રસ્તાની બાજુમાં આવેલ ખુલ્લી સીમમાં મેડીકલ ઘન કચરો નાખવામાં આવે છે. જેનાથી આ કચરાને રખડતા પશુઓ આરોગી રહ્યા છે અને આ મેડીકલ ઘન કચરાને કારણે કોઈ મોટી હાની પણ થઈ શકે છે.

મેડીકલ ઘન કચરાનો યોગ્ય નિકાલ કાર્ય વગર આમ ખુલ્લામાં નાખતા આ લોકો ભગવાનથી પણ નથી ડરતા તેવું લાગી રહ્યું છે. લોકો ગાયો માટે પૈસા ખર્ચી ઘાસચારો પુરો પાડતા હોય છે. ત્યારે દાંતીવાડા તાલુકામાં કંઈક અલગ જ ચાલી રહ્યું છે. આના કારણે ગૌ રક્ષકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે ને લોક માંગ ઉઠવા પામી છે કે આ લોકો વિરૂદ્ધ તાબડતોડ પગલા લેવામાં આવે.

# પરબડામાંથી ગંજીપાનાનો જુગાર રમતા ૯ શકુની પકડાયા

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગરના પરબડા વિસ્તારમાંથી સોમવારે રાત્રે ગંજીપાનાનો જુગાર રમતા નવ જુગારીઓને હિંમતનગર બી-ડીવીઝન પોલીસે રૂ. ૧૭,૭૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા અને તેમની વિરૂદ્ધ ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

મળેલી બાતમીને આધારે પોલીસે સ્થળ તપાસ કરી જુગાર રમતા રીયાજભાઈ જાનમહંમદ મેમણ (ઝહીરાબાદ), અબ્દુલકરીમભાઈ પઠાણ (પરબડા), ઈરફાનખાન ફિરોજખાન પઠાણ(ચાંદનગર), મોહમંદખાન સુલતાનખાન પઠાણ (જુનાબજાર), અયુબહુસેન નન્નુમીયા બેલીમ (હિંમતનગર), જાકીરભાઈ મહંમદભાઈ શેખ (ચાંદનગર), મોહંમદસલીમ ભીખુમીયાં રાઠોડ (મોટીવ્હોરવાડ), મહેબુબઅલી શોકતઅલી મણીયાર (ચાંદનગર) અને નિજામુદીન જમાલભાઈ ખણુશિયા (ઝહીરાબાદ)ને રૂ. ૧૭,૭૦૦ રોકડ તથા ૧૦૪ ગંજીપાના સાથે ઝડપી લીધા હતા અને તેમની વિરૂદ્ધ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જુગારધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધ્યો હતો.

# હિંમતનગરમાં બે સ્થળેથી ૨.૧૦ લાખનો દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૧૮

હિંમતનગરની જીઆઈડીસી ચોકડી તથા મોતીપુરા બાયપાસ રોડ પરથી બુધવારે એ અને બી ડીવીઝન પોલીસે બે અલગ અલગ કારમાં લઈ જવાતા અંદાજે રૂ. ૨.૧૦ લાખના દારૂના જથ્થા સાથે ચાર જણાને ઝડપી લીધા હતા. જોકે અન્ય ત્રણ શખ્સોને પકડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

આ અંગે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી.વી. ડોડીયાના જણાવ્યા અનુસાર બુધવારે રાજસ્થાનથી અમદાવાદ એક કારમાં પાસ પરમીટ વગર દારૂનો જથ્થો લઈ જવાઈ રહ્યો છે તેવી બાતમી મળતા પોલીસે નાકાબંધી કરી વોચ ગોઠવી હતી. દરમિયાન જીઆઈડીસી ચોકડી પરથી પસાર થતી કાર નં. જીજે૦૧. એચક્યુ.૮૫૧૩ને ઉભી રાખી તેમાં તપાસ કરતા રૂ. ૧,૩૫,૬૦૦ની ૩૨૪ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. ત્યારબાદ પોલીસ કારમાં જઈ રહેલ બે શખ્સોની અટકાયત કરી લીધી હતી.

તેજ પ્રમાણે મોતીપુરા બાયપાસ રોડ પરથી બુધવારે સવારે ૧૧.૧૫ વાગ્યાના સુમારે પસાર થઈ રહેલ કાર નં. જીજે.૧. એચએફ.૨૨૩૨ને તપાસ અર્થે ઉભી રખાવી હતી. જેમાં બી-ડીવીઝન પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ડી.ડી. પરમાર તથા તેમના સ્ટાફે તપાસકરતા આ કારમાંથી પણ રૂ. ૭૪,૪૦૦ની કિંમતની ૧૮૦ બોટલ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ત્યારબાદ પોલીસે બે જણાની અટકાયત કરી હતી.

આમ એક જ દિવસમાં પોલીસે બે સ્થળે દારૂનો જથ્થો જપ્ત કરી સંલગ્ન પોલીસ સ્ટેશનમાં સાત જણા વિરૂદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

# પ્રાંતિજ ખાતે શ્રીમદ્ ભાગવત કથાનો પ્રારંભ



પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન પાસે આવેલ શ્રી રાંદલ-મહાકાલી મંદિરના વિશાળ ચોકમાં શ્રીમદ ભાગવત કથાનો સંગીતમય પ્રારંભ આજ ગુરૂવારના દિવસથી પ્રારંભ થયો છે. જેમાં ધર્મ પ્રમી જનતા મોટી સંખ્યામાં જોડાઈ હતી અને શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કર્યું હતું.

પ્રાંતિજ ખાતે શ્રીમદ્ ભાગવત કથાના પ્રથમ દિવસે નાની ભાગોળ ખાતે રહેતા પટેલ વિજયભાઈ ભાઈલાલના ઘરેથી વાજતે ગાજતે પોથીયાત્રા નીકળી હતી. જેમાં પોથીયાત્રામાં કથાના મુખ્ય (દાતા)યજમાન નમ્રતાબેન સત્યનારાયણ શાહ હિંમતનગર નિવાસી સહિત પ્રાંતિજ તથા તાલુકામાંથી ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

જ્યારે શ્રીમદ્ ભાગવત કથા વક્તા વીર વૈષ્ણવ ડૉ. સ્વામી ગૌરાંગશરણદેવાચાર્ય દ્વારા સંગીતમય પ્રારંભથી લોકો ભક્તિમાં લીન થયા હતા.

જ્યારે શ્રીમદ્ ભાગવત કથા ૧૯ નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધી ભાગવત સપ્તાહ મહોત્સવનું આયોજન મહંત સુનીલદાસજી મહારાજ, ડૉ. એન. કે. ડેરિયા, સતીષભાઈ, ગીરીશભાઈ, ચંપકભાઈ, ગોવિંદભાઈ, નટુભાઈ, મનુભાઈ, રાજુભાઈ વગેરે સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવ્યું છે અને જાયન્ટ પરિવાર, ગણેશ યુવક મંડળ, વિશ્વ હિન્દુ પરિષદ રાંદલ-મહાકાલી મંદિરનો પણ વિશેષ સહયોગથી આયોજન કરવામાં આવ્યું છે.

# પાલનપુરમાં રૂ. ૨૦ લાખની તફડંચીના ગુનાના ફરિયાદીની પોલીસે ઉલટ તપાસ કરતા યાદ તાજી થઈ

પાલનપુર, તા. ૧૯

પાલનપુર તાલુકાના ધાણધા ગામની દેના ગુજરાત ગ્રામીણ બેંકના કેશિયર અને તેનો મિત્ર બંને ગત મંગળવારે એસ.બી.આઈ. પાલનપુરમાંથી રૂ. ૨૦ લાખ કેશ લઈ પરત ધાણધા જતા હતા. દરમ્યાન રામપુરા ચોકડી નજીક બંને તેમની ગાડી રોકી ચા-નાસ્તો કરવા બેઠા હતા. બંને પરત આપતા કારમાં રોકડ ભરેલો થેલો ગુમ જણાતાં હાંફળા ફાંફળા બની ગયેલ અને આ રકમ કોઈ ગઠીયાઓ લઈ ગયા હોવાની પોલીસમા રજૂઆત કરી હતી.

આ ઘટના અંગે પૂર્વ શહેર પોલીસ ઈન્સ. જે.ડી. મેવાડાએ સમગ્ર ઘટનાનું રહીર્સલ કરીને ફરિયાદને જ શંકાના દાયરામાં લઈ ઉલટ તપાસ હાથ ધરી હતી. આ રકમ રૂ. ૨૦ લાખ ગુમની ઘટના અંગે પોલીસ સ્ટાફે ઝીણવટભરી તપાસ અને કેશિયર મહેન્દ્ર પરમાર અને દિનેશની રાત-દિવસ પુછતાછ કરી હતી. દરમ્યાન કેશિયર મહેન્દ્ર પરમારને ફેમિલિ પ્રોબ્લેમને લીધે આ

**બેંકનો કેશિયર ફેમિલી પ્રોબ્લેમથી રકમ કારની ડેકીમાં મુક્યા હોવાનું ભુલી ગયેલ રકમ મળી જતા રાહત**

૨૦ લાખ કેશ ભરેલો થેલો ગાડી નં. જીજે.૫.સીડી.૪૧૨૦માં ડેકીમાં સ્પેર વ્હીલ-સીટની વચ્ચેની જગ્યામાં મુક્યો હોવાનું યાદ આવતા ઈન્પ. મેવાડાએ કારની ચકાસણી કરતા રકમ મળી આવી હતી. ગણતરી કરતા પુરેપુરા રૂ. ૨૦ લાખ મળી આવતા બેંક કર્મચારી અને પોલીસે રાહતનો દમ લીધો હતો.

# ખેડબ્રહ્માના રાધાકૃષ્ણ મંદિર ખાતે તુલસી વિવાહ ઉજવાશે

ખેડબ્રહ્મા, તા.૧૯

ખેડબ્રહ્માના ઠાકોર મંદિર ટ્રસ્ટ



સંચાલિત રાધાકૃષ્ણ મંદિર દ્વારા ૨૨મી નવેમ્બરને કારતક સુદ અગિયારસના દિવસે ભગવાનના તુલસીજી સાથે લગ્ન ઉત્સવ શ્રધ્ધાપૂર્વક દબદબાભેર ઉજવવામાં આવશે. ઉત્સવ અંતર્ગત શોભાયાત્રા-ગ્રહશાંતિ, કન્યાદાન સહિતના પ્રસંગોનું આયોજન કરવામાં આવ્યું છે. લાલજી ભગવાનના યજમાન તરીકે પટેલ હીરાબેન ડાહ્યાભાઈ તથા તુલસીમાતાના યજમાન તરીકે શાન્તાબેન જેસીંગભાઈ પટેલ ધર્મલાભ લેશે. ઉત્સવ નિમિત્તે મંદિરમાં રોશની સહીત આસોપાલવ અને ફુલોથી શણગારવામાં આવશે.

તુલસી વિવાહ નિમિત્તે નટવરભાઈ હીરાભાઈ પટેલ દ્વારા ભગવાનની ધજા ચડાવવામાં આવશે. તુલસી વિવાહને સફળ બનાવવા માટે મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ-ઉત્સવ સમિતિના સભ્યો ગોપી મંડળની બહેનો તથા પ્રસંગના યજમાનો તરફથી તૈયારીઓ આરંભાઈ છે.